ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



**દવાની હાટડી માંડી બેઠેલા લેભાગુ તત્ત્વો :** ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર દવાઓની હાટડી માંડી બેઠેલા પરપ્રાંતિયા કહેવાતા 'ડૉકટરો' ગાંધીનગરની પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યાં છે. ખૂલ્લેઆમ - બેરોકટોક ચાલતાં આ વ્યવસાય સામે તંત્રની લાલ આંખ થાય તે અત્યંત જરૂરી છે. મોટી દુર્ઘટનાની રાહ જોઇ રહેલ આરોગ્યતંત્રની આ બેદરકારી ગંભીર છે. ગેરકાયદેસર રીતે વારંવાર સ્થળ બદલી ગાંધીનગરની ભોળી અને ગરીબ પ્રજાને ઠગતી આ ટોળકીની પ્રવૃત્તિઓ અંગે જનજાગૃતિ આવે તે જરૂરી છે. વિવિધ અસાધ્ય રોગનો ગરઘથ્થું ઉપચાર ઘણી વખત ભયંકર પરિણામ લાવી શકે છે. (તસ્વીર : હર્ષદરાય ઉપાધ્યાય)

# સ્વીપીંગ મશીનનો હવાલો મનપાને સોંપવા દરખાસ્ત

## બોર્ડ-હોર્ડિંગ્સ મૂકવાની પરવાનગી પણ મનપા હસ્તક થશે

ગાંધીનગર, તા.૮

પાટનગર યોજના ભવન દ્વારા સ્વીપીંગ મશીનનો ચાર્જ કોર્પોરેશનને સોંપવા દરખાસ્ત કરવામાં આવી છે. શહેરમાં બોર્ડ-હોર્ડિંગ્સ લગાવવા માટેની પરવાનગી પણ કોર્પોરેશન કક્ષાએથી અપાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવા પણ આયોજન હાથ ધરાયું છે.

શહેરના માર્ગોને ડસ્ટ ફ્રી બનાવવા વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન પાટનગર યોજના ભવન દ્વારા અંદાજિત રૂ. ૪૫ લાખના ખર્ચે સ્વીપીંગ મશીન ખરીદવામાં આવ્યું હતું. આ મશીનના આધારે નગરના માર્ગોને સ્વચ્છ અને ડસ્ટ ફ્રી બનાવવા સમયાંતરે કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

# સાતમ-આઠમે શ્રાવણિયા જુગારની મોસમ પૂરબહારમાં

## ઘણા શોખીનો ખાસ બંગલા-ફ્લેટ ભાડે રાખી જુગાર રમશે : પોલીસની ચાંપતી નજર

ગાંધીનગર, તા. ૮

દર વર્ષે પોલીસ દરોડાઓ પાડે છે તેમ છતાં જુગારની પ્રવૃત્તિ ઓછી થતી નથી. આ વર્ષે શ્રાવણિયા જુગારના શોખીનોએ જુગાર રમવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. રાજ્ય બહાર જઈને પણ જુગાર રમવાનું ઘણા શ્રીમંત શોખીનોએ શરૂ કર્યુ છે.

સાતમ-આઠમના તહેવારોમાં પર્વની ઉજવણીની સાથે જુગારની પ્રવૃત્તિ ખુબ ફૂલેફાલે છે. જુગાર રમવા જેવી પ્રવૃત્તિ પર રોક લાગે તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ પોલીસે દરોડા પાડવાની તૈયારીઓ શરૂ કરી છે. શ્રાવણિયા જુગારની પ્રવૃત્તિ પર રોક લગાવવા માટે પોલીસ દર વર્ષે દરોડા પાડે છે પરંતુ શોખીનો ગમે તેમ કરીને આ પ્રવૃત્તિમાં જોડાય છે.

શ્રમજીવી વર્ગથી લઈને શ્રીમંતો પણ શ્રાવણિયા જુગારની પ્રવૃત્તિમા જોડાતા હોય છે. જુગારના શોખીનો તો ગમે તેટલો ખર્ચ કરીને પણ આ પ્રવૃત્તિમાં જોડાય છે. પોલીસની જાપ્તી વધતા હવે ખુલ્લામાં જુગાર રમવાની પ્રવૃત્તિ તો નથી થતી પરંતુ ચોરીછુપીથી પોલીસને ગંધ સુદ્ધાં ન આવે તે સ્થળોએ જુગાર રમાય છે. ઘણા શોખીનો તો સળંગ ત્રણ-ચાર દિવસ સુધી જુગાર રમે છે. સાતમ-આઠમે જુગાર રમવાની પ્રવૃત્તિમાં સ્ત્રી વર્ગ પણ જોડાય છે. એક જ પરિવારમાં સૌ સભ્યો સાથે મળીને જુગાર રમે છે. તો ક્યાંક મિત્ર વર્તુળમાં આ રમત રમાય છે.

સાતમ આઠમના તહેવારો નજીક છે ત્યારે શ્રાવણિયો જુગાર રમવા માટેની તૈયારીઓ શોખીનોએ કરી લીધી છે. મોંઘીદાટ હોટલોના રૂમ બુક થઈ ગયા છે તો ક્યાંક ફાર્મહાઉસ અને ઓછી અવરજવરવાળા વિસ્તારોમાં આવેલા બંગલાઓ જુગારની સોગઠી ખેલાશે. કેટલાકે તો જુગાર રમવા માટે જ રજા મુકી દીધી છે. શ્રીમંત શોખીનો આબુ-અંબાજી, સાપુતારા, દીવ જેવા સ્થળોએ પહોંચી જઈ જુગારની સોગઠી મિત્ર વર્તુળ સાથે માંડશે.

# સે. ૨૧માં લાયસન્સ વગર ધમધમતા સાયબર કાફેને પોલીસે બંધ કરાવ્યું !

## એસ.ઓ.જી.ની તપાસ દરમિયાન હકીકત ધ્યાને આવી

ગાંધીનગર, તા. ૮

સે. ૨૧ના રહેણાંક વિસ્તારમાં વગર લાયસન્સે ધમધમતા સાયબર કાફેને એસ.ઓ.જી. પોલીસે બંધ કરાવી દીધુ છે. ગઈકાલે સાંજે એસ.ઓ.જી. ના પી.આઈ. સહિતની ટીમે તપાસ હાથ ધરતા સાયબર કાફેના સંચાલક પાસે લાયસન્સ ન હોવાનું ધ્યાને આવતા આ મામલે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લામાં ધમધમતા સાયબર કાફેમાં જરૂરી નિયમોનું પાલન થાય છે કે કેમ તે બાબતે એસ.ઓ.જી. પોલીસ દ્વારા સ્થળ તપાસ હાથ ધરી ચકાસણી કરવામાં આવે છે. બે મહિના અગાઉ પણ આ અભિયાન અન્વયે પોલીસે લાયસન્સ વગરના સાયબર કાફે વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. ગઈકાલે સાંજે એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. જે. સોલંકી તેમજ સ્ટાફના હિંમતસિંહ, જયંતિભાઈ અને અંકુશભાઈએ સે. ૨૧ના રહેણાંક વિસ્તારમાં સ્થિત સ્વસ્તિક સોસાયટીમાં ધમધમતા વિશ્વાસ સાયબર કાફેમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન પોલીસે કાફેના સંચાલક રામચંદ્ર મહેન્દ્રભાઈ નાયકની પૂછતાછ દરમિયાન તેમની પાસે લાયસન્સ ન હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. જેના પગલે પોલીસે સાયબર કાફે બંધ કરાવી કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાતમ-આઠમના તહેવારોમાં મિની વેકેશનનો માહોલ

## પ્રિ-સ્કૂલોમાં કૃષ્ણજન્મ મહોત્સવની ઉજવણી થઈ

## હોસ્ટેલના વિદ્યાર્થીઓ વતન જવા ઉપડી ગયા

ગાંધીનગર, તા. ૮

આ મહિને સળંગ રજાઓનો મેળ ખુબ સારો થયો છે. સાતમ-આઠમના તહેવારોમાં જ સળંગ ત્રણ દિવસની રજાઓ આવતા મિનિ વેકેશનનો માહોલ સર્જાયો છે. સરકારી કચેરીઓ અને શાળાઓમાં સળંગ ત્રણ દિવસ રજા રહેશે.

સાતમ-આઠમના તહેવારો દરમ્યાન જ સળંગ રજાઓનો મેળ આવી જતા મિનિ વેકેશન માણવા માટે સૌ ઉત્સાહિત બન્યા છે. ગાંધીનગરમાં તો ઉત્સવનું વાતવરણ છવાયું છે. નાગપંચમીથી શરૂ થયેલા તહેવારોની મોસમ હવે છેક નોમ સુધી ચાલશે. આજે રાંધણ છઠ્ઠે ગૃહિણીઓ રાંધવામાં જોતરાઈ હતી. નોકરી કરતી મહિલાઓએ અડધી રજા મુકી રાંધણછઠ્ઠનું પર્વ મનાવ્યું હતું. હવે આવતીકાલે સાતમ અને તે પછી શુક્રવારે આઠમ એટલે કે જન્માષ્ટમીનો તહેવાર ઉજવાશે.

શનિવારે નોમના દિવસે બીજો શનિવાર હોઈ સરકારી કચેરીઓમાં રજા છે. મોટાભાગની શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને શનિવારની રજા આપી દેવાતા સળંગ ત્રણ દિવસ રજાની મોજ માણવા મળશે. તે પછી આવતા અઠવાડિયે બુધવારે સ્વતંત્રતા દિવસની ઉજવણી થશે અને કચેરીઓ-શાળાઓમાં રજા રહેશે. સળંગ રજાઓ મળે તે માટે ઘણાં કર્મચારીઓએ સોમવાર અને મંગળવારની રજા મુકી દીધી છે. બે રજા મુકવાથી સળંગ છ દિવસની રજા મળતી હોવાથી ઘણા કર્મચારીઓએ તેનો લાભ લીધો છે. ગાંધીનગરમાં સૌરાષ્ટ્રના ઘણા પરિવારો રહે છે. તેઓ આ મિનિ વેકેશનમાં મેળાઓની મોજ માણવા વતન ઉપડી ગયા છે. શહેરની હોસ્ટેલો પણ આ દરમ્યાન બંધ રહેવાની હોવાથી તેમાં રહેતા વિદ્યાર્થીઓએ પણ વતનની વાટ પકડી છે. ઘણા વિદ્યાર્થીઓ રાંધણછઠ્ઠે જ પોતાના ઘરે જવા ઉપડી ગયા હતા. આથી હોસ્ટેલો ખાલીખમ લાગતી હતી.

પ્રિ-પ્રાયમરી અને પ્રાયમરી સ્કૂલોમાં આઠમ પહેલાના બે દિવસ કૃણજન્મોત્સવની ઉજવણી થઈ રહી છે. વિદ્યાર્થીઓએ તેમાં ઉલ્લાસભેર ભાગ લીધો હતો. મટકી ફોડના કાર્યક્રમોમાં બાળકોને મોજ પડી ગઈ હતી.

# મજપાનું ગુજરાત પરિવર્તન પાર્ટીમાં વિલીનીકરણ થયું

ગાંધીનગર, તા. ૮

મહાગુજરાત જનતા પાર્ટીનું આજે ગુજરાત પરીવર્તન પાર્ટીમાં વીલીનીકરણ કરી દઈને અધ્યક્ષ સહિતના હોદ્દેદારો કાર્યકરો કેશુભાઈના પક્ષમાં જોડાઈ ગયા હતા.

ભાજપ અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની કાર્યપ્રણાલીથી નારાજ ગોરધનભાઈ ઝડફીયાએ ભાજપ સાથે છેડો ફાડીને ચાર વર્ષ અગાઉ મહાગુજરાત જનતા પાર્ટીની સ્થાપના કરી હતી.

ગુજરાત ભાજપના વરિષ્ઠ નેતા કેશુભાઈ પટેલે પણ બે દિવસ અગાઉ ભાજપ સાથે છેડો ફાડીને ગુજરાત પરિવર્તન પાર્ટીની રચના કરી છે. કેશુભાઈએ નવા પ્રાદેશિક પક્ષની રચના કરતાં મહાગુજરાત જનતા પાર્ટીની આજે પરિવર્તન પાર્ટીમાં વિલિનીકરણ કરવામાં આવ્યા હોવાની જાહેરાત મજપાના અધ્યક્ષ ગોરધનભાઈએ કરી હતી.

ગોરધનભાઈએ જણાવ્યું હતું કે મજપાના અધ્યક્ષ તરીકે અને સભ્ય પદેથી હું આજે મુક્ત થઈને ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાઉ છું. તેમણે જણાવ્યું હતું કે આગામી ટૂંક સમયમાં કેટલીક પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ મજપાના હોદ્દેદારો અને કાર્યકરો પણ ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાઈ જશે.



હવે તો ફોટો જોઈને ખબર પડી જાય છે કે વાત વરસાદની મૉસમમાં વાદળ ઘેરાયેલા આકાશની ને નહીં પડતા વરસાદની જ છે. જોકે, છેલ્લાં બે દિવસોમાં અમી છાંટણાં કરીને વરસાદે પોતાના આવવાની આશને વધારે મજબૂત કરી છે. જન્માષ્ટમી ઉજવવા માટે આ વખતે મેઘરાજાની સવારી અવશ્ય આવી પહોંચશે એવી આશા હજુ ભાવિકોના મનમાં ટકી રહી છે. (તસવીર : દિપક જાની)

### વી.પી. પટેલની ભાવનગર કલેક્ટર તરીકે નિમણૂંક

ગાંધીનગર, તા.૮

નાગરીક પૂરવઠા નિગમના નિયામક અને અન્ન નાગરીક પુરવઠા વિભાગના અધિક સચિવ તરીકે ફરજ બજાવતા વી.પી. પટેલની બદલી કરીને તેમને ભાવનગર કલેકટર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

### હરિકૃષ્ણ મંદિર ખાતે જન્માષ્ટમીની ઉજવણી

ગાંધીનગર, તા.૮

હરે કૃષ્ણ મુવમેન્ટ અમદાવાદ અને અક્ષયપાત્ર ફાઉન્ડેશનના ઉપક્રમે ભાડજ રાચરડા રોડ પર આવેલા હરે કૃષ્ણ મંદિર ખાતે તા. ૧૦ ઓગસ્ટે જન્માષ્ટમીના દિવસે વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦૮ કળશનો મહાઅભિષેક કરવામાં આવશે. જેમાં સાત પવિત્ર નદીઓનું જળ હશે. બાવન ભોગનો મહાપ્રસાદ તથા ફળફૂલ અને અત્તરનો અભિષેક કરવામાં આવશે.

# સાદરા સ્કૂલના આચાર્યની નિર્દયતા શાળાની વિદ્યાર્થિનીને લાકડી ફટકારી

## પરીક્ષા દરમિયાન કોપી કરવાના મામલે મહિલા આચાર્યએ બેરહેમ બની વિદ્યાર્થિનીને માર માર્યો : હાથ, પગ પર ચકામાં



ગાંધીનગર, તા. ૮

સાદરામાં સ્થિત જ્ઞાનધારા સ્કૂલના આચાર્યએ વિદ્યાર્થિની પર કોપ વરસાવી તેણીને લાકડી વડે માર માર્યો હતો. જિલ્લાના સાદરા ગામમાં સ્થિત જ્ઞાનધારા સ્કૂલમાં ધો. ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીને પરીક્ષામાં કોપી કરતી હોવાનું ધ્યાને આવતા શાળાના મહિલા આચાર્યએ તેણીને લાકડી વડે ફટકારી હતી.

શાળાના આચાર્યની ગુસ્સાનો ભોગ બનેલી વિદ્યાર્થિનીને શરીરના ભાગે લાકડીના સોળ ઉઠી આવતા તેને આજે સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. વિદ્યાર્થિનીની ફરિયાદના પગલે ચિલોડા પોલીસે ગુનો નોંધી બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લાના સાદરા ગામમાં સ્થિત જ્ઞાનધારા હાયર સેકન્ડરી સ્કૂલમાં ધો. ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી ઉન્નતિ દિપકભાઈ ઉપાધ્યાયને ગઈકાલે શાળાના મહિલા આચાર્યએ લાકડી વડે ફટકારતા ૧૭ વર્ષીય ઉન્નતિને હોસ્પિટલમાં બિછાને લઈ જવાની ફરજ પડી હતી. દહેગામ તાલુકાના હાલીસા ગામમાં રહેતી ઉન્નતિ ગઈકાલે શાળામાં ઈન્ટર્નલ એક્ઝામ આપવા ગઈ હતી. આ દરમિયાન પરીક્ષાખંડમાં એક વિદ્યાર્થી કોપી કરતો હોવાનું ધ્યાને આવતા સુપરવાઈઝર અને શાળાના આચાર્ય સુધાબેન પટેલે તેને ઝડપ્યો હતો. આ વેળાએ વિદ્યાર્થીએ ઉન્નતિ પણ કોપી કરતી હોવાનુ સુપરવાઈઝરને જણાવ્યું હતું. ત્યારે આચાર્ય સુધાબેને ગુસ્સે ભરાઈ વિદ્યાર્થિનીને લાકડી ફટકારતા તેને હાથ, પગ અને ગળાના ભાગે પણ ઈજાઓ થવા પામી હતી. આચાર્યના ગુસ્સાનો ભોગ બનેલી ઉન્નતિ પોતાના ઘરે પહોંચ્યા બાદ ડરના માર્યા કોઈને આ બાબતે વાત કરી ન હતી. પરંતુ રાત્રિના સમયે દુ:ખાવો થતા તેણીએ સમગ્ર હકિકત વાલીને જણાવી હતી. લાકડીના મારથી વિદ્યાર્થિનીને શરીરના ભાગે ચકામા પડી જતા તેને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ મામલે ચિલોડા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે શાળાના આચાર્ય સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુણ સુધારણા અંગે કૌભાંડમાં સંડોવાયેલાના નામ જાહેર કરો

અમદાવાદ, તા.૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આજરોજ મળેલી પરીક્ષા સમિતિની બેઠકમાં ગુણ સુધારણા કૌભાંડમાં સંડોવાયેલા વિદ્યાર્થીઓના નામ જાહેર કરવાની અને આ વિદ્યાર્થીઓને આકરી સજા કરવાની તેમજ સીઆઈડી ક્રાઈમની તપાસ વહેલી પૂર્ણ થાય તેવી માંગણી કરી હતી. આજરોજ મળેલી પરીક્ષા સમિતિની બેઠકમાં ગત વખતની બેઠકમાં નક્કી થયા મુજબ આજરોજ ગુણ સુધારણા કૌભાંડમાં સંડોવાયેલા ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓના નામ જાહેર કરવાના હતા પરંતુ સરકારની અનુમતી લીધી ન હોવાથી બોર્ડે નામ જાહેર કર્યા નથી. જેથી આગામી બેઠકમાં તમામ નામ જાહેર કરવામાં આવે. પરીક્ષા સમિતિના સભ્યો દ્વારા બે દિવસમાં ધો. ૧૨ બોર્ડમાં ૮૫ ટકા ઉપર મેળવેલા ગુણવાળા તમામ વિદ્યાર્થીઓની ઉત્તરવહી ચકાસણીની પ્રક્રિયા હાથ ધરાશે. આ માટે સળંગ અઠવાડિયા સુધી પરીક્ષા સમિતિના સભ્યો બોર્ડમાં જ રોકાયેલા રહેશે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com